મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

G NEWS ગરવી તાકાત LIVE

૧૭-૦૧-૨૦૨૫
શુક્રવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૮૬
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367




## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા મહેસાણાના વડનગરમાં નવનિર્મિત ભારતના પહેલા 'આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ'નું ઉદ્‌ઘાટન કરાયુ

# વડનગરનો ઇતિહાસ જીવંત થયોઃ આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમનો ભવ્ય પ્રારંભ









## ૨૯૮ કરોડના અંદાજિત ખર્ચે તૈયાર કરવામાં આવેલું આ ત્રણ માળનું મ્યુઝિયમ લગભગ ૧૨,૫૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

ભારતના ગૌરવશાળી ઈતિહાસને નજીકથી જોવા અને અનુભવવા માટે એક નવી દિશા ખુલી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ગુજરાતના વડનગરમાં ભારતનું પ્રથમ 'આર્કિયોલોજીકલ એકસપિયન્સ મ્યુઝિયમ'નું ભવ્ય ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ મ્યુઝિયમ વડનગરની ૨૫૦૦ વર્ષથી વધુ જૂની સમૃદ્ધ સંસ્કૃતિ અને ઈતિહાસને પ્રદર્શિત કરે છે. અહીં ખોદકામ દરમિયાન મળેલા હજારો વર્ષ જૂના અવશેષો, કલાકૃતિઓ અને સાધનોને અત્યાધુનિક ટેક્નોલોજીની મદદથી પ્રદર્શિત કરવામાં આવ્યા છે. મ્યુઝિયમમાં પ્રવેશતાની સાથે જ દર્શકો વડનગરના ઈતિહાસમાં સમયયાત્રા કરતાં હોય એવો અનુભવ કરશે.

આ મ્યુઝિયમની વિશેષતા એ છે કે અહીં દર્શકો માત્ર જોઈ શકતા નથી પરંતુ સ્પર્શ કરીને પણ ઈતિહાસને અનુભવી શકશે. મ્યુઝિયમમાં ઓડિયો-વિઝ્યુઅલ પ્રદર્શનો, ઈન્ટરેક્ટિવ ગેમ્સ અને વર્ચ્યુઅલ રિયાલિટી જેવી અદ્યતન તકનીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેના કારણે દર્શકો માટે ઈતિહાસને સમજવું અને માણવું વધુ સરળ બન્યું છે.

આ મ્યુઝિયમના નિર્માણથી વડનગર માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે એક મહત્વનું પ્રવાસન સ્થળ બનશે.

આ મ્યુઝિયમ દ્વારા આપણા ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસને નવી પેઢી સમક્ષ રજૂ કરવામાં આવશે. આ મ્યુઝિયમ વડનગરના ઈતિહાસને દુનિયા સમક્ષ રજૂ કરશે અને આપણા દેશની સમૃદ્ધ સંસ્કૃતિને નવી પેઢી સમક્ષ પહોંચાડશે.

આ મ્યુઝિયમમાં વિવિધ સમયગાળાની કલાઓ, શિલ્પો અને ભાષાને પ્રદર્શિત કરતી ૯ થીમેટિક ગેલેરીઓ પણ બનાવવામાં આવી છે. એકવીસમી સદીના આરંભે વડનગરમાં થયેલા ખોદકામમાં આઈઆઈટી ખડગપુર, આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા અને અન્ય સંસ્થાઓના વૈજ્ઞાનિકોએ માનવ વસાહતના પુરાવા શોધ્યા છે, જે હવે મ્યુઝિયમના મુખ્ય આકર્ષણ તરીકે પ્રસ્તુત થશે.

આ ભારતનું આ પ્રકારનું પ્રથમ મ્યુઝિયમ છે, જેને કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય દ્વારા રાજ્યના ડિરેક્ટોરેટ ઓફ આર્કિયોલોજી અને મ્યુઝિયમના સહયોગથી તૈયાર કરવામાં આવ્યું છે. આ મ્યુઝિયમનો ઉદ્દેશ્ય અહીં ખોદકામ દરમિયાન પ્રાપ્ત થયેલા પુરાતત્વીય પદાર્થો મારફતે વડનગરના બહુસ્તરીય સાંસ્કૃતિક ઈતિહાસને ઉજાગર કરવાનો અને ૨૫૦૦ વર્ષોથી પણ વધુ સમયથી આ શહેરમાં થતી રહેલી માનવ ઉત્ક્રાંતિને પ્રદર્શિત કરવાનો છે. આ મ્યુઝિયમને પુલ મારફતે ખોદકામની લાઈવ સાઈટ સાથે જોડવામાં આવ્યું છે.

?૨૯૮ કરોડના અંદાજિત ખર્ચે તૈયાર કરવામાં આવેલું આ ગ્રાઉન્ડ ફ્લોર સાથે ત્રણ માળનું મ્યુઝિયમ લગભગ ૧૨,૫૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે.

આ મ્યુઝિયમના મકાનમાં પુરાતત્વીય ખોદકામ દરમિયાન મળેલી ૫૦૦૦થી વધુ કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે, જે વડનગરના ૨૫૦૦ વર્ષના ઈતિહાસ અને તેના પ્રાચીન જ્ઞાનના ભંડારને ઉજાગર કરે છે. ઑડિયો-વિઝ્યુઅલ ફિલ્મો અને પ્રદર્શનો સાથે, આ આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ ઈતિહાસ અને સંસ્કૃતિના શોખીનો માટે એક ખાસ ભેટ છે.

પ્રવાસીઓને વડનગરના પુરાતત્વીય ખોદકામમાંથી મળેલા અવશેષોનો અનુભવ પૂરો પાડવા માટે એક કાયમી શેડ બનાવવામાં આવ્યો છે તેમજ અન્ય પ્રવાસન સુવિધાઓ વિકસિત કરવામાં આવી છે. મ્યુઝિયમમાં વિવિધ સમયગાળાની, કલાઓ, શિલ્પો અને આ વિસ્તારની ભાષાને પ્રદર્શિત કરતી ૯ થીમેટિક ગેલેરીઓ પણ બનાવવામાં આવી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઉદ્‌ઘાટન પ્રસંગે જણાવ્યું કે આ મ્યુઝિયમ વડનગરના ઈતિહાસને દુનિયા સમક્ષ રજૂ કરશે અને આપણા દેશની સમૃદ્ધ સંસ્કૃતિને નવી પેઢી સમક્ષ પહોંચાડશે. તેમણે આ મ્યુઝિયમના નિર્માણ માટે સંકળાયેલા તમામ લોકોને અભિનંદન પાઠવ્યા હતા.

## ૭૨ કરોડના ખર્ચે તૈયાર થયેલ પ્રેરણા સંકુલમાં ૯ નૈતિક મૂલ્ય આધારિત વિષયો ભણાવાય છે

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તકતી અનાવરણ કરી ઔપચારિક રીતે 'પ્રેરણા સંકુલ' રાષ્ટ્રને સમર્પિત કર્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહે આજે ?૭૨ કરોડના ખર્ચે તૈયાર થયેલા 'પ્રેરણા સંકુલ'ની તકતી અનાવરણ કરી ઔપચારિક રીતે રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય શિક્ષણમંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાન, આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતશાહે વિધાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ યોજી શાળાની વિવિધ માહિતી અને પ્રવૃતિઓ અંગે માહિતી મેળવી હતી.



'પ્રેરણા સંકુલ' એ વડનગરની ઐતિહાસિક પ્રાથમિક શાળાની ઈમારતના નવીનીકરણ માટેની એક પહેલ છે. ૧૮૮૮માં સ્થાપિત થયેલ આ જ શાળામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાનું પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા આ શાળાને ભવિષ્યની આધુનિક શૈક્ષણિક સંસ્થા તરીકે વિકસિત કરવામાં આવી છે, જેમાં નવી ટેક્નોલોજી દ્વારા શિક્ષણ અને નૈતિક મૂલ્યોનો અનોખો સંગમ છે.

પ્રેરણા સંકુલનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ અને સામાન્ય લોકોમાં વિકાસ અને પરિવર્તનની ભાવનાને પ્રોત્સાહિત કરવાનો છે. આ સ્કૂલ યુવાનોને એ માર્ગ પર આગળ વધવા માટે પ્રેરિત કરશે, જ્યાંથી વડાપ્રધાનશ્રીની શૈક્ષણિક યાત્રા શરૂ થઈ હતી. સ્ટડી ટુર હેઠળ દેશના તમામ જિલ્લાઓના વિદ્યાર્થીઓ અહીંયા એક સપ્તાહ સુધી ભણવા માટે આવે છે. આ પરિસરમાં ભણાવવામાં આવતા અભ્યાસક્રમને આઈઆઈટી, ગાંધીનગર દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો છે, જેમાં ૯ મૂલ્ય-આધારિત વિષયો સામેલ છે.

**દેશના વિવિધ ભાગોમાંથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોના ગ્રુપ અભ્યાસ અર્થે આવી ચૂક્યા છે**

**પ્રાઈમ પ્રોપર્ટી ભાડે આપવાની છે**

બેંક, વિમા કંપની કે ઓફિસ માટે ફુલ્લી ફર્નિચર સાથેની ૩૫૦ સ્કે.ફુટની ઓફિસ ભાડે આપવાની છે.

: સંપર્ક :

દુ.નં. ૧૧૭, પ્રથમ માળ, મેપલ ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, મોતીપુરા, અમદાવાદ નેશનલ હાઈવે રોડ, હિંમતનગર, સાબરકાંઠા. ગુજરાત.

મો : ૯૪૨૮૧ ૫૧૫૬૦, ૯૪૨૭૫ ૪૫૬૪૦

KRISHNA AUTO COATING
The Car Detailing Studio








પ્રમુખ ટાયરની પાછળ, એલ. કાનજી દેસાઈ બિઝનેસ હાઉસ, વિદ્યાનગર, નાગલપુર- મહેસાણા-૩૮૪૦૦૨.● મો : ૯૩૨૭૩૬૬૭૮૦




# વિપક્ષી ગઠબંધનની રાહ આસાન નથી

પટનામાં મંથન બાદ બેંગલુરુમાં બ નેલા વિપક્ષી ગઠબંધનની દિશા હવે મુંબઈમાં નક્કી થશે. ૨૬ પક્ષોનું વિપક્ષી ગઠબંધન આઈએનડીઆઈએની મુંબઈમાં ૩૧ ઓગસ્ટ અને ૧ સપ્ટેમ્બરે થનારી ત્રીજી બેઠક કેટલાય કારણોસર મહત્ત્વપૂર્ણ છે. બેંગલુરુ બેઠક બાદ કેટલાક ઘટનાક્રમોની અસર આઈએનડીઆઈએની રાજનીતિ-રણનીતિ પર પડ્યા વિના નહીં રહી શકે. આ દરમ્યાન રાહુલ ગાંધીની લોકસભા સદસ્યતા બહાલ થઈ ચૂકી છે, તો દિલ્હીથી લઈને રાજસ્થાન-છત્તીસગઢ સુધી કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી અલગ-અલગ ચૂંટણી તેવર દેખાડી રહી છે. બેંગલુરુ બેઠકમાં ગઠબંધનના નામકરણથી લઈને સંયોજકના નામ સુદ્ધાં પર મતભેદના સમાચારો આવ્યા હતા. છતાં વિપક્ષી ગઠબંધન આઈએનડીઆઈએ નામકરણમાં સફળ રહ્યું. એ અલગ વાત છે કે તેને અદાલતમાં પડકાર ફેંકવામાં આવ્યો છે. હવે મુંબઈમાં વિપક્ષી નેતાઓએ સંયોજકની પસંદગીના પડકાર સામે ઝઝૂમવાનું છે, બલ્કે બેંગલુરુની ઘોષણા અનુસાર ૧૧ સભ્યોની સમન્વય સમિતિ પણ બનાવવી પડશે. બેંગલુરુ બેઠકમાં વિપક્ષના મંચ પર ૨૬ પક્ષોના નેતા દેખાશે. મુંબઈમાં આ સંખ્યા વધશે કે ઘટશે તે રસપ્રદ રહેશે, કારણ કે કેટલાક બીજા પક્ષો જોડાવાની ચર્ચા પણ ચાલે છે.

રાજકીય પક્ષો-નેતાઓના પાટલી બદલના ખેલ તો ચૂંટણી સુધી ચાલી શકે છે, પરંતુ આ દરમ્યાન એનસીપી પ્રમુખ શરદ પવારની પોતાના બળવાખોર ભત્રીજા અજીત પવાર સાથે મુલાકાતથી વિપક્ષી જૂથમાં શંકા અને સવાલ પેદા થયા છે. વિચિત્ર સ્થિતિ છે કે મુંબઈ બેઠકના ત્રણમાંથી એક યજમાનની નિષ્ઠા જ શંકા અને સવાલોના દાયરામાં છે. મરાઠા નેતાને સીધો સવાલ પૂછવાની હેસિયત ન હોવા છતાં પણ અન્ય વિપક્ષી દળો તેમને સાથે લઈને આશ્વસ્ત ચોક્કસ થવા માંગશે, પરંતુ પવારની ‘પાવર પોલિટિક્સ’ને સમજી શકવી ક્યારેય આસાન નથી રહ્યું. શિવસેનામાં બળવાને કારણે મુખ્યમંત્રી પદેથી બેદખલ ઉદ્ઘવ ઠાકરે અને શરદ પવાર વચ્ચે સમજદારી પર વધારે શંકા નથી, પરંતુ મહારાષ્ટ્ર કોંગ્રેસમાં પવાર વિરોધીઓની સંખ્યા ઓછી નથી. સત્ય એ પણ છે કે વિપક્ષી જૂથમાં શરદ પવાર અને ઉદ્ઘવ ઠાકરે જ છે, જેમના નામ પર મહારાષ્ટ્રમાં વોટ મળી શકે છે. દેખાડા અને દાવા જે પણ કરવામાં આવે, સત્ય એ જ છેકે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે અવિશ્વાસની ખાઈ જેમની તેમ જ છે.

બેંગુલુરુ બેઠકમાં સામેલ થવા માટે આમ આદમી પાર્ટી સંયોજક અરવિંદ કેજરીવાલે શરત મૂકી હતી કે પહેલાં કોંગ્રેસ એ અધ્યાદેશનો રાજ્યસભામાં વિરોધ કરવાની ઘોષણા કરે, જેના દ્વારા દિલ્હી સરકારને અધિકારીઓની તબદીલી-તૈનાતિના અધિકારથી વંચિત કરી દીધી છે. કદાચ વ્યાપક વિપક્ષી એક્તાને ખાતર કોંગ્રેસ માની પણ જાય. જોકે રાજનીતિની સમજ ધરાવતા સારી રીતે જાણે છે કે આવી શરત વિના કોંગ્રેસ અધ્યાદેશનું સમર્થન કરીને પોતાના પગ પર કુહાડી નહોતી મારવાની. બાદમાં કેજરીવાલે કોંગ્રેસને આ સમર્થન માટે પત્ર લખીને આભાર વ્યક્ત કર્યો. પોતાની બરતરફી વિરુદ્ઘ ચોમાસુ સત્રમાં સંસદ ભવન પરિસરમાં જ ધરણા પર બેસી ગયેલા આમ આદમી પાર્ટી સાંસદ સંજય સિંહને બાકી વિપક્ષ સાથે ખુદ સોનિયા ગાંધીએ પહોંચીને સમર્થન આપ્યું. આમ આદમી પાર્ટીએ પણ સંસદ સદસ્યતા બહાલી બાદ સંસદ પહોંચેલા રાહુલ ગાંધીનું એકજુટ વિપક્ષ સાથે સ્વાગત કર્યું, પરંતુ એકજુટતાના આ પ્રદર્શન છતાં વાસ્તવમાં આ બંને પક્ષો વચ્ચે કશું બદલાયું નથી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ દિલ્હીના કોંગ્રેસીઓ સાથે ચૂંટણી રણનીતિ પર ચર્ચા કરી તો એ દરમ્યાન આમ આદમી પાર્ટીમાં રહીને આવેલાં અલકા લાંબાએ કહ્યું કે કોંગ્રેસ તમામ સાત લોકસભા સીટો પર ચૂંટણી લડશે. ત્રણ વખતથી સત્તારૂઢ આમ આદમી પાર્ટીની એના પર આકરી પ્રતિક્રિયા આવવાની જ હતી. કોંગ્રેસે તેને અંગત મંતવ્ય ગણાવીને હાથ ઊંચા કરવાનું કામ કર્યું પરંતુ હવે પાર્ટીની સર્વોચ્ચ નીતિ નિર્ધારક એકમ કોંગ્રેસ કાર્યસમિતિમાં અલકા લાંબાનું નામ ઘણું બધું કહી દે છે.

રાજકીય દાવપેચમાં અરવિંદ કેજરીવાલને ઓછા આંકવાની ભૂલ કોઈએ પણ ન કરવી જોઈએ. કોંગ્રેસે દિલ્હીની સાતેય લોકસભા સીટો પર લડવાને અલકા લાંબાનું અંગત મંતવ્ય બતાવીને હાથ ઊંચા તો કર્યા, પરંતુ એ જ ભાષામાં જવાબ આપતાં આમ આદમી પાર્ટીએ કોંગ્રેસ શાસિત રાજ્યો રાજસ્થાન અને છત્તીસગઢમાં ચૂંટણી લડવાની જાહેરાત કરી દીધી.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

### ઉતરાયણના પર્વ પતંગની ખતરનાક દોરી પશુ - પક્ષીઓ સહિત માનવો માટે જીવલેણ નીવડી

# ગુજરાતમાં પતંગની દોરીએ ૬ લોકોની જીવન દોરી કાપી

**પતંગની દોરીના કારણે અનેક લોકોના ગળા કપાતા હોસ્પિટલે દાખલ કરાયા : રાજ્યમાં રાત્રે ૯ વાગ્યા સુધીમાં ૧૦૮ને ૪૨૫૬ જેટલા ઈમરજન્સી કોલ મળ્યા : ૧૪૦૦ જેટલા પશુ - પંખીઓ ઘાયલ થયા**



(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૬

સમગ્ર ગુજરાતમાં ગઈકાલે ઉતરાયણનું પર્વ રંગેચંગે ઉજવાઈ ગયુ. આ પર્વે પતંગો ઉડાડવાના અતિરેક અને બીજાની પતંગ કાપવા માટેના ક્રેઝમાં ખતરનાક દોરીઓએ ગુજરાતમાં ૬ લોકોની જિંદગીની દોરી કાપી નાખતા મોતના બનાવ નોંધાયા છે તો પતંગની ખતરનાક ચાઈનીઝ દોરીઓએ અનેક લોકોને ઘાયલ કર્યા છે. ખતરનાક દોરીએ પક્ષીઓની જિંદગી હણી છે અને ઘાયલ કર્યાના બનાવો નોંધાયા છે.

પર્વો લોકોને રોજની ઘરેડની જિંદગીમાં તાજગી આપે છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી પર્વની ઉજવણીમાં રીતભાન ચૂકવાતા સમસ્યાઓ પેદા થઈ છે. બીજા પર્વની ઉજવણીનો ક્રેઝ અન્ય માટે ખતરો બની જાય છે. ખાસ કરીને ઉતરાયણ-મકરસંક્રાંતિના પર્વે લોકો પતંગ ઉડાડતા હોય છે. કેટલાક સ્થળે સપ્ટેમ્બર મહિનામાં લાંબા સમયગાળા સુધી પતંગ ઉડાડવામાં પરંતુ આ દિવસો કરતા છેલ્લા કેટલાક વર્ષોથી ઉતરાયણના દિવસે પતંગ ઉડાડવાનું ચલણ વધતા આ એક દિવસમાં જ ઢગલાબંધ પતંગો ઉડતી હોવાથી તેની ખતરનાક દોરીઓ અન્ય જીવો માટે જીવલેણ બને છે. ગઈકાલે ગુજરાતમાં ઉતરાયણની ઉજવણી વચ્ચે પતંગની ખતરનાક દોરીના કારણે ૬ લોકોએ જીવ ગુમાવ્યો હતો તો અનેક લોકોના ગળા કપાતા તેમને સારવાર માટે હોસ્પિટલે ખસેડવાની ફરજ પડી હતી. ઈમરજન્સીની ફરિયાદ મળતા સવારથી મોડી રાત સુધી ૧૦૮ એમ્બ્યુલન્સ રસ્તાઓ પર દોડતી રહી હતી. રાતના ૯ વાગ્યા સુધીમાં રાજયમાં ૧૦૮ને ૪ હજાર ૨૫૬ જેટલા ઈમરજન્સી કોલ મળ્યા હતા.આ આંકડો વધુ પણ હોઈ શકે છે. ઉતરાયણ પર્વે લોકોની સાથે અબોલ પક્ષીઓ પણ ઘાયલ થયા હતા. ઉતરાયણના દિવસે ૧૪૦૦ જેટલા પશુ-પક્ષીઓ ઘાયલ થયા છે. રાતના ૯ વાગ્યા સુધીમાં કરુણા એનીમલ ફાઉન્ડેશન એમ્બ્યુલન્સને ૧ હજારથી વધુ ઈમરજન્સી કોલ મળ્યા હતા.

### પ્લીઝ, અમારા સંતાનને સમજાવો! માતા - પિતા હવે હેલ્પલાઈન ૧૮૧ના સહારે

# અભયમને મળતા કોલમાં સંતાનો દ્વારા મોબાઈલ વળગણ, ટીનએજ લફરા, ખોટી સંગતના કેસ વધવા લાગ્યા




(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૬

એક સમય એવો હતો કે, બાળકો તેના માતા-પિતાની કોઈ વાતને અવગળે તો વડિલને તે ‘કેસ’ સુપ્રત કરી દેવાનો હતો. હવે વિભકત કુટુંબમાં તો વડિલો ‘અદ્રશ્ય’ થઈ ગયા છે તે સમયે માતા-પિતાની મદદે સરકારી હેલ્પલાઈન ૧૮૧ આવી રહી છે. આ વાસ્તવિકતા છે.

૨૦૨૪ના વર્ષમાંજ અભયમ-૧૮૧ હેલ્પલાઈન આવા ૬૫૫ કોલ માતા-પિતા તરફથી મળ્યા જેમાં તેમના બાળકો સંબંધીત સમસ્યામાં હેલ્પલાઈનના નિષ્ણાંતોની મદદ માંગતા હતા જે અગાઉના વર્ષ કરતા 40% વધુ ફરિયાદો આવી હતી.

મોટાભાગના કોલમાં સંતાનો દ્વારા મોબાઈલ ફોનના વધુ પડતા ઉપયોગ, સોશ્યલ મિડીયાનું બંધાણ થઈ જવુ, બાળકોની સાથે સતત વાત કરતી રહેવી, અભ્યાસ ન કરવો, પ્રેમ પ્રકરણ અને કયારેક ખરાબ સંગત અંગે પણ માતા-પિતા જયારે પોતે સંતાનને સમજાવવા નિષ્ફળ જાય તો હેલ્પલાઈનની મદદ લેતા થઈ ગયા છે.

હાલમાં જ મોબાઈલના કારણે કૌટુંબિક સમસ્યાઓ વધવા લાગી છે. માતા-પિતાએ ફોન લઈ લેતા અને અભ્યાસની ચિંતા કરવાનું કહેતા એક ટીન એજર છોકરી એ આત્મહત્યા કરી હતી અને હાલમાંજ એક ભાઈ-બહેન વચ્ચે મોબાઈલ મુદે વિવાદ થયો તો બહેને ગળાફાંસો ખાઈને જીવન ટુંકાવી દીધું.

મોબાઈલ એ આવેશ વધારી દીધો છે તેમાં હેલ્પલાઈન હવે માનસીક નિષ્ણાંતોને પણ સામેલ કરીને ટીનએજરોને સમજાવવા કોશીશ કરી છે. જો કે અભયમને સૌથી વધુ કેસ તો ડોમેસ્ટીક વાયોલન્સ-ઘરેલુ હીંસાના નોંધાયા.

પતિ-પત્ની કે ફેમીલીમાં મહિલાઓ પર થતા અત્યાચારમાં આ હેલ્પલાઈન ખૂબ મદદરૂપ પુરવાર થઈ છે. વ્યક્તિગત તનાવમાં પણ લોકો હેલ્પલાઈનની મદદ લેવા લાગ્યા છે. કોઈ સતામણી કે કાનૂની મુદે પણ આ હેલ્પલાઈન મદદરૂપ પુરવાર થઈ છે.

# અકસ્માતમાં ચાર આંગળીઓ ગુમાવનાર સગીરને રૂ.3 લાખનું વળતર ચૂકવવા હાઇકોર્ટનો આદેશ



અમદાવાદ,તા.૧૬

વડોદરામાં ઘરની બહાર રમી રહેલા સગીર પર ટ્રોલી સાથેનું ટ્રેકટર ચડાવી દેવાના કેસમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ જે.સી.દોશીએ ટ્રિબ્યુનલ દ્વારા અરજદારને જે વળતર ચૂકવવાનો હુકમ કરાયો હતો તે વધારીને રૂ.૩ લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો હતો.

આ અકસ્માતમાં સગીરના હાથની ચાર આંગળીઓ ગુમાવવાનો વારો આવ્યો હતો અને તેને ૩૦ ટકા સુધીની કાયમી અપંગતા આવી ગઈ હતી. આ હકીકત ધ્યાને લઈ હાઈકોર્ટે અરજદારને રૂ.૩,૦૨,૫૦૦નું વળતર અપાવતો મહત્ત્વનો હુકમ કર્યો હતો.

કેસની વિગત મુજબ, વડોદરા ખાતે સગીર જયેશ ગત તા.૩-૫-૨૦૦૭ના રોજ પોતાના ઘરની સામે રમી રહ્યો હતો ત્યારે અનવરસિંહ દુરસિંહ રાઠવા ટ્રોલી સાથેનું ટ્રેકટર પૂરપાટઝડપે, બેફામ અને ગફલતભરી રીતે હંકારતો ત્યાં આવ્યો હતો અને રમતા સગીરને જોરદાર ટક્કર મારી હતી. જેમાં સગીરના ડાબા હાથ પર ટ્રેકટરના વિશાળ પૈડા ફરી વળ્યા હતા. આ ગંભીર અકસ્માતમાં સગીરને પોતાની ચાર આંગળીઓ ગુમાવવાનો વારો આવ્યો હતો.

આ અંગેના મોટર વહન અકસ્માત દાવાના કેસમાં અરજદારપક્ષ તરફથી વડોદરા ટ્રિબ્યુનલમાં ત્રણ લાખ રૂપિયાનું વળતર માટેની માંગણી કરવામાં આવી હતી. જો કે, ટ્રિબ્યુનલે આ કેસમાં ડ્રાઈવર અનવરસિંહ રાઠવા અને ટ્રેકટરના માલિક માનસિંહ દેવાભાઈ કોળીને જવાબદારી ઠરાવી રૂ.૧,૪૮,૦૦૦ વળતર અપાવતો હુકમ કર્યો હતો.

હાઈકોર્ટે આ કેસમાં વળતર ચૂકવવામાંથી વીમા કંપનીની જવાબદારી બનતી નહી હોવાનું ઠરાવી તેને બાકાત રાખી હતી. જેનાથી નારાજ થઈ સગીર દ્વારા હાઈકોર્ટમાં ફર્સ્ટ અપીલ દાખલ કરવામાં આવી હતી. આ અકસ્માતમાં સગીરને ૩૦ ટકા સુધીની કાયમી અપંગતા અને આંશિક વિકલાંગતા આવી ગઈ છે અને તેની ચાર આંગળીઓ પણ આ અકસ્માતમાં કચડાઈ ગઈ હતી. આ સંજોગોમાં ટ્રિબ્યુનલ દ્વારા માત્ર રૂ.૧,૪૮,૦૦૦ વળતર ચૂકવવાનો કરાયેલો હુકમ બિલકુલ અયોગ્ય, અપૂરતો અને ગેરકાયદેસર છે.

હાઈકોર્ટે કેસની હકીકતો ધ્યાને લઈ અરજદારને યોગ્ય અને પૂરતું વળતર અપાવવું જોઈએ. અરજદારપક્ષની દલીલો ગ્રાહ્ય રાખી ટ્રિબ્યુનલના હુકમમાં સુધારો કરી અરજદારને ૭.૫ ટકાના વ્યાજ સાથે રૂ.૩,૦૨,૫૦૦નું વળતર અપાવતો હુકમ કર્યો હતો. વળતરની આ રકમ છ સપ્તાહમાં ટ્રિબ્યુનલમાં જમા કરાવી દેવા પણ હાઈકોર્ટે કસૂરવાર ડ્રાઈવર અને માલિકને હુકમ કર્યો હતો.


**શ્રી ગૌતમકુમાર વાણીયા, મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ મહેસાણાની કોર્ટમાં**
**વણીકર કલબ પાસે, મ્યુનિસીપલ ગ્રાઉન્ડ સામે, મહેસાણા-૩૮૪૦૦૧**

નં.એડીએમ/જન્મમરણ નોંધણી/કેસ નં.૧૧/૨૦૨૫ તા.૧૬/૦૧/૨૦૨૫

## જાહેર નોટીસ

અરજદાર : પટેલ બળવંતભાઈ છોટાભાઈ
રહે, મુ.ગોઝારિયા તા.જિ. મહેસાણા

વિરૂદ્ધ

સામાવાળા: (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/તલાટી કમ મંત્રીશ્રી, ગોઝારિયા ગ્રામ પંચાયત, તા.જિ. મહેસાણા
(૨) આચાર્યશ્રી, ગોઝારિયા હાઈસ્કુલ, ગોઝારિયા તા.જિ. મહેસાણા

જન્મ નોંધણી :-

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી નામે ‘પટેલ બળવંતભાઈ છોટાભાઈ’ નો જન્મ ‘તા.૧૭/૦૭/૧૯૬૩’ ના રોજ ગામ ગોઝારિયા તા.જિ. મહેસાણા મુકામે થયેલ પરંતુ નિયમોની જાણના અભાવના કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ નોંધણી કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા વાંધા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ રોજ તા.૧૬/૦૧/૨૦૨૫ના રોજ મારી સહિ તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

કોર્ટનો સિક્કો

સહિ/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મહેસાણા (ગ્રામ્ય)


## કડીમાં સિનેમા જોવા ગયેલા યુવકની CNG રિક્ષા ચોરાઈ

અજય રાવળે આ રિક્ષા કડીના સુજાતપુરા રોડ પર રહેતા જગદીશભાઈ પ્રજાપતિને હપ્તેથી ચલાવવા માટે આપી હતી. પાંચ દિવસ પહેલા, જગદીશભાઈના સંબંધી દિનેશભાઈ પ્રજાપતિ પ્ત્ન ૧૮ મે ૬૫૦૪ નંબરની આ રિક્ષા લઈને રાત્રે પરિવાર સાથે સિટી ગોલ્ડ થિયેટરમાં ફિલ્મ જોવા ગયા હતા.

દિનેશભાઈએ રિક્ષા થિયેટરના પાર્કિંગમાં મૂકી હતી, પરંતુ ફિલ્મ પૂરી થયા બાદ જ્યારે તેઓ બહાર આવ્યા ત્યારે રિક્ષા ગાયબ હતી. તેમણે તરત જ જગદીશભાઈને જાણ કરી, જેઓ તુરંત ઘટનાસ્થળે પહોંચ્યા હતા. બંનેએ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી, પરંતુ રિક્ષાનો કોઈ પત્તો ન લાગતા રિક્ષા માલિક અજય રાવળને જાણ કરી હતી.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ.લ.ઈ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ કામકાજમાં પ્રસન્નતાનો અનુભવ થશે. ધંધામાં આકસ્મિક ધનલાભની સંભાવના બને છે. જમીન અથવા ખેતીમાં લાભ જણાશે. નોકરીમા સારા અધિકાર કે પ્રમોશનની શક્યતા જણાય.

**વૃષભ (બ.વ.ઉ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ધ્યેય પ્રાપ્તિમાં સફળતા મળશે. સરકારી કામમાં અનુકૂળતા રહેશે. ભૌતિક સુખ-સુવિધામા વૃદ્ધિ થશે. વ્યવસાયમાં ઉત્તમ ધનલાભ થશે.

**મિથુન (ક.છ.ઘ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ માનસિક અશાંતિનો અનુભવ થશે. કામમાં મહેનત વધારે કરવી પડશે. ધન બાબતે પરેશાની જણાશે. વ્યવસાયમાં મધ્યમ ફળ મળશે.

**કર્ક (ડ.હ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પારિવારિક ક્લેશનો સામનો કરવો પડશે. સામાન્ય માનસિક તનાવ જણાશે. પાચન સંબંધી તકલીફ જણાશે. ઉપરી અધિકારીથી તકલીફ જણાશે.

**સિંહ (મ.ટ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પારિવારિક સંબંધોમાં લાભ થશે. સુખ-સાધનોમાં વૃદ્ધિ થશે. આર્થિક સુખ સારું મળશે. કામકાજમાં પ્રગતિ થશે.

**કન્યા (પ.ઠ.ણ.)** આ રાશિનાં જાતકો માટે માટે આજનો દિવસ વિકાસના કામમાં સફળતા મળશે. વિરોધપક્ષથી વિજય મેળવશો. ન્યાય તમારા પક્ષે રહેશે.ધંધામાં લાભ થશે.

**તુલા (ર.ત.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ કરેલા પ્રયત્નો ઓછા ફળદાયી બનશે. સાથીમિત્રોથી ઓછો સહકાર મળશે. સંપત્તિની બાબતે ઓછું સુખ જણાશે. લેવડ-દેવડમાં મુશ્કેલી રહેશે.

**વૃશ્ચિક (ન.ય.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ અકારણ ચિંતાથી કામ બગડશે. ખર્ચાઓ ઉપર કાબૂ રાખવો જરૂરી છે. કામકાજમાં ઓછી સફળતા જણાય છે. મહેનત વધે અને ફળ ઓછું મળે.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ રચનાત્મક કાર્યોમાં સફળતા મળશે. રોજગારી માટેના પ્રયત્નો સફળ બનશે. આર્થિક બાબતોમાં વિકાસ થશે. સામાજિક માન-પ્રતિષ્ઠા વધશે.

**મકર (ખ.જ)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ખોટા ખર્ચાઓથી પરેશાનીમાં વધારો થશે. યોગ્ય અંતરથી કામ કરવાથી લાભ થશે. નોકરીમાં થોડી પરેશાની જણાશે. ધંધાકીય બાબતોમાં મધ્યમ ફળ મળશે

**કુંભ (ગ.શ.ષ.સ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ધંધાકીય ક્ષેત્રમાં સફળતા મળશે. પદોન્નતિ માટે નવી તકો મળશે. પરિવારનો પ્રેમ મેળવી શકશો. આપના મનની મૂંઝવણો દૂર થશે.

**મીન (દ.ચ.ઝ.થ)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ કામકાજમાં સાવચેતીથી કામ કરવું. અચાનક ખર્ચથી પરેશાની વધશે. સ્વજનો દ્વારા પરેશાની સંભવે છે. નોકરીયાત વર્ગ માટે સારો સમય છે.



## ફિલ્મી ગપશપ

### સૈફ અલી ખાન : મુંબઈનો બાંદ્રા વિસ્તાર, કંગનાનો પાડોશી, હાઈ સિક્યુરિટી ઝોન... તો પછી ચોર કેવી રીતે ઘૂસ્યો; શું હુમલા પાછળ કોઈ કાવતરું છે?

મુંબઈ :

બોલિવૂડના પ્રખ્યાત અભિનેતા સૈફ અલી ખાન પર બુધવારે મોડી રાત્રે હુમલો થયો હતો. અભિનેતાના બાંદ્રા સ્થિત ઘરે, એક ઘુસણખોરે છરીઓ વડે એક પછી એક તેમના પર હુમલો કર્યો. આ હુમલામાં સૈફ ખરાબ રીતે ઘાયલ થયો છે. તેની લીલાવતી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.આ ઘટના બાદ સૌથી મોટો પ્રશ્ર્ન સુરક્ષાને લઈને ઉભો થયો છે. પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે આટલો ઉચ્ચ સુરક્ષા ઝોન હોવા છતાં અભિનેતાના ઘરમાં ઘૂસવાનો પ્રયાસ કેવી રીતે થયો.

સૈફ તેના પરિવાર સાથે મુંબઈના બાંદ્રા વિસ્તારમાં રહે છે. તે ચાર વર્ષ પહેલા ફોર્ચ્યુન હાઈટ નામની જૂની બિલ્ડિંગમાંથી સતગુરુ શરણની સામેની બિલ્ડિંગમાં શિફટ થયો હતો. સૈફનું એપાર્ટમેન્ટ બિલ્ડિંગના ૧૨મા માળે છે.આવી સ્થિતિમાં સવાલ એ થાય છે કે ચોર સૈફના ઘરમાં કેવી રીતે ઘૂસ્યો? બાંદ્રા મુંબઈના પોશ વિસ્તારોમાંનું એક છે. બોલીવુડની ઘણી મોટી હસ્તીઓના અહીં ઘર છે. સામાન્ય દિવસોમાં પણ આ વિસ્તારમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા હોય છે. કંગના રનૌત પણ આ જ એપાર્ટમેન્ટમાં રહે છે અને સૈફની પાડોશી છે. બાંદ્રામાં આટલી ગેટેડ કોમ્યુનિટી અને ઝ્ઝ્ફ હોવા છતાં ચોર સૈફના ઘરમાં કેવી રીતે ઘૂસ્યો.

આ કેસની તપાસ માટે મુંબઈ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ સૈફના ઘરે પહોંચી હતી. પોલીસે ઘરમાં હાજર લોકોની પૂછપરછ કરી હતી. પૂછપરછ બાદ ડ્રાઈવર સહિત ૩ લોકોની અટકાયત કરવામાં આવી છે. મુંબઈ પોલીસને શંકા છે કે આરોપીના સૈફની પત્ની સાથે સંબંધો હોઈ શકે છે.ઘટનાના બે કલાક પહેલા લાગેલા સીસીટીવીમાં આરોપીની કોઈ કડી મળી નથી. પોલીસને એવી પણ શંકા છે કે આરોપી ઘટનાના ઘણા સમય પહેલા ઘરમાં હાજર હતો. અહીં સારા અલી ખાન અને ઈબ્રાહિમ અલી ખાન પોતાના પિતાને મળવા લીલાવતી હોસ્પિટલ પહોંચ્યા છે.

પ્રાથમિક તપાસમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે ચોકીદારે ઘરમાં કોઈને પ્રવેશતા જોયા નથી. તાજેતરના અપડેટમાં, પોલીસના જણાવ્યા અનુસાર, ઘટનાના બે કલાક પહેલા સુધી સીસીટીવીમાં આરોપીનો કોઈ સુરાગ મળ્યો ન હતો. આવી સ્થિતિમાં પોલીસને શંકા છે કે આરોપી સૈફની નોકરાણી સાથે સંબંધ ધરાવે છે અને શક્ય છે કે આરોપી ઘરમાં પહેલાથી જ હાજર હતો.હાલમાં મુંબઈ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ સૈફ અલી ખાનના બાંદ્રા સ્થિત ઘરે પહોંચી ગયા છે અને કેસની તપાસ કરી રહ્યા છે. તપાસ માટે ૧૫ સભ્યોની ટીમ બનાવવામાં આવી છે. સૈફ પર કોઈ કાવતરાના ભાગરૂપે હુમલો કરવામાં આવ્યો ન હતો. પોલીસ આ અંગે પણ તપાસ કરી રહી છે. સૈફ તેની પત્ની કરીના અને બે પુત્રો જેહ અને તૈમુર સાથે મુંબઈના બાંદ્રામાં રહે છે. તેના ઘરની બહાર ૨૪ કલાક ગાર્ડ તૈયાર રહે છે. પેપ્સ પણ સૈફના એપાર્ટમેન્ટમાં પ્રવેશી શકતા નથી. દરેક જગ્યાએ કેમેરા લગાવવામાં આવ્યા છે. તેના એપાર્ટમેન્ટમાં પ્રવેશવા માટે પહેલા પરવાનગી લેવામાં આવે છે અને જો પરવાનગી ન મળે તો કોઈ અંદર જઈ શકતું નથી.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં ગણપત યુનિવર્સિટીએ તેનો ૧૮મો દીક્ષાંત સમારોહ ઉજવ્યો

# 'આંખો ખુલ્લી રાખો, નવી વસ્તુઓ શીખતા રહો અને આજીવન વિદ્યાર્થી બની રહો' : અમિત શાહ










## 17 PhD ઉમેદવારો સહિત કુલ ૪૧૬૮ વિદ્યાર્થીઓને પદવી એનાયત થઇ અને ૮૯ ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓને તેમના અસાધારણ શૈક્ષણિક પ્રદર્શન બદલ સુવર્ણચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

જેમ એક યુનિવર્સિટી માટે તેનો પદવીદાન સમારંભ તેનો એક વિશેષ વાર્ષિક પ્રસંગ છે તેમ વિદ્યાર્થીકાળમાં દીક્ષાંત સમારોહ ચોક્કસપણે તેનો આજીવન અવિસ્મરણીય પ્રસંગ છે. માત્ર ગુજરાતની જ નહિ પરંતુ સમગ્ર ભારતવર્ષની પ્રતિષ્ઠિત સ્વાયત્ત યુનિવર્સિટીમાં જેની ગણના છે તેવી ગણપત યુનિવર્સિટીએ તેના ૧૮મા ઐ઼ેં દીક્ષાંત સમારોહની ખૂબ જ ઉમંગ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરી.

આ પ્રસંગે શ્રી અમિતભાઈએ ગણપત યુનિવર્સિટીના નેશનલ સેન્ટર ફોર એડિટિવ મેન્યુફેક્ચરિંગ - પશ્ચિમ ભારતનું ગૌરવપૂર્વક ઉદ્‌ઘાટન કર્યું હતું. વધુમાં, યુનિવર્સિટીએ જીછજી ઈન્ડિયા લિમિટેડ અને શેલ્બી હોસ્પિટલ લિમિટેડ સાથે અનુભવલક્ષી શિક્ષણ પ્રદાન કરવાની દિશામાં બે મહત્વના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ નોંધપાત્ર પહેલ દ્વારા યુનિવર્સિટીએ પોતાની ઓળખને સમૃદ્ધ બનાવી શિક્ષણમાં શ્રેષ્ઠતા અને નવીનતા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પુનઃ પુરવાર કરી હતી.

ગણપત યુનિવર્સિટી સાત વિભિન્ન વિદ્યાશાખાઓમાં શિક્ષણ આપે છે, જેમાં ૧૦૦ કરતાં વધુ વૈવિધ્યસભર અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને પ્રાધાન્ય આપવા અને ચારિત્ર્યના મહત્વ પર ભાર મૂકવાના મૂળભૂત સિદ્ધાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. તદુપરાંત, યુનિવર્સિટી વિદ્યાર્થીઓને તેમનામાં સક્ષમ સામાજિક અને વ્યાવસાયિક મૂલ્યો સાથે કરુણા અને સહાનુભૂતિ જેવા નૈતિક મૂલ્યોપણ કેળવાય તે અર્થે સમર્પિત છે.

આ મહત્વપૂર્ણ પ્રસંગે, ભારત સરકારના માનનીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ મુખ્ય અતિથિ તરીકે તેમજ અતિથિ વિશેષ તરીકે ગુજરાત સરકારના આરોગ્ય અને શિક્ષણમંત્રી શ્રી રૂષિકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત, રાજ્યસભાના સાંસદ શ્રી મયંક નાયક, મહેસાણા લોકસભાના સાંસદ શ્રી હરિભાઈ પટેલ આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે મંચ શોભાવ્યો હતો. સાથેજ ટાટા મોટર્સના મુખ્ય માનવ સંસાધન અધિકારી શ્રી સીતારામ કાંડી પણ ઉપસ્થિત રહ્યા હતા.

યુનિવર્સિટી તરફથી માનનીય પ્રમુખ અને દાતા-અધિષ્ઠાતા પદ્મશ્રી ડૉ. ગણપતભાઈ પટેલે દીક્ષાંત સમારોહની અધ્યક્ષતા કરી, સમર્થ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરી હતી. વધુમાં, યુનિવર્સિટીના ગ્રુપ પ્રો ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ ડૉ. મહેન્દ્ર શર્મા, બોર્ડ ઑફ ગવર્નર્સ અને એકેડેમિક કાઉન્સિલના સભ્યો, ટ્રસ્ટીઓ, પ્રો વાઈસ ચાન્સેલર ડૉ. આર.કે. પટેલ, પ્રો વાઈસ ચાન્સેલર ડો. સત્યેન પરીખ, પ્રો વાઈસ ચાન્સેલર ડો. સૌરભ દવે, એક્ઝિક્યુટિવ રજીસ્ટ્રાર ડો. ગિરીશભાઈ પટેલ, ડેપ્યુટી પ્રોવાઈસ ચાન્સેલરો, વિવિધ ફેકલ્ટીના એક્ઝિક્યુટિવ ડીન, અન્ય મહાનુભાવો, વાલીઓ અને વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું યુટ્યુબ, ફેસબુક અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાઈવ ટેલિકાસ્ટ પણ થયું હતું.

આ સમારોહ દરમિયાન, વિવિધ શૈક્ષણિક શાખાઓના ૩૧૬૩ વિદ્યાર્થીઓ અને ૧૦૦૫ વિદ્યાર્થીનીઓ એમ કુલ મળીને ૪૧૬૮ છાત્રોને પદવી એનાયત કરવામાં આવી હતી. ઉપરાંત, ૪૭ વિદ્યાર્થીઓ અને ૩૯ વિદ્યાર્થીનીઓ સહિત ૮૬ ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓને તેમની અસાધારણ શૈક્ષણિક સિદ્ધિઓ બિરદાવતા સુવર્ણ ચંદ્રકોથી નવાજવામાં આવ્યા હતા. વિશેષ સ્વરૂપે, ૧૭ વિદ્યાર્થીઓને તેમના પોતાના આગવા ક્ષેત્રમાં ગહન સંશોધન માટે ૅરઙ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સ્વાગત પ્રવચનમાં ગણપત યુનિવર્સિટીના ગ્રુપ પ્રો-ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ ડૉ. મહેન્દ્ર શર્માએ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને આશીર્વાદ આપવા પધારવા બદલ માનનીય મહેમાનો, અન્ય મહાનુભાવો તથા વાલીગણનું સ્વાગત કર્યું હતું. તેમણે ઉલ્લેખ કર્યો કે શ્રી અમિતભાઈની હાજરીને કારણે આ એક ઐતિહાસિક દીક્ષાંત સમારોહ છે. સાથે સાથે તેમણે યુનિવર્સિટી દ્વારા રજુ કરવામાં આવતા આધુનિક યુગના ટેકનોલોજીકલ અભ્યાસક્રમો પર પણ પ્રકાશ પાડ્યો હતો.

પ્રાસંગિક પ્રવચનમાં માનનીય પ્રમુખ પદ્મશ્રી ડૉ. ગણપતભાઈ પટેલે માનનીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહનો મુખ્ય અતિથિ તરીકે પધારવા બદલ આભાર માન્યો હતો. વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે કહ્યું હતું કે હવે 'હોતી હૈ ચલતી હૈ' નો યુગ રહ્યો નથી. વિકસિત મહાસત્તાઓને પડકારવા આપણે ટેકનોલોજી અને છૈં ના યુગમાં હરણફાળ ભરવી જ પડશે. વળી, રતન તાતાને યાદ કરતા કહ્યું હતું કે હવે પ્રમાણિકતા અને નિષ્ઠા આપણો સહિયારો પાસવર્ડ છે. તેમણે સાર્થકતા સાથેની સફળતાની હિમાયત કરી વિદ્યાર્થીઓને પરિશ્રમનો મહિમા સમજાવ્યો હતો.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં માનનીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાતમાં ગણપત યુનિવર્સિટીની નોંધપાત્ર હાજરીની પ્રશંસા કરી હતી. તેમણે પોતાનું સર્વસ્વ સ્વદેશને અર્પણ કરવા બદલ શ્રી ગણપતભાઈ પર પ્રશંસાના પુષ્પો વેર્યા હતા તેમજ આ પ્રસંગે ગણપત યુનિવર્સિટીના સ્વપ્રદ્રષ્ટા સ્વ. શ્રી અનિલભાઈને પણ યાદ કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને જાગૃત રહી અવનવા પડકારો સ્વીકારવા હાકલ કરી હતી. પોતાની હળવી શૈલીમાં વિદ્યાર્થીઓને સ્ફૂર્તિમય, એકાગ્ર, અલ્પાહારી, સચેત તથા વિદ્યાભ્યાસ અને રાષ્ટ્રનિર્માણ અર્થે ગૃહત્યાગી બનવાનો ગુરુમંત્ર આપ્યો હતો. તેમણે શ્રી નરેન્દ્રભાઈને યાદ કરતા જણાવ્યું હતું કે 'જો દેશનો પ્રત્યેક નાગરિક માત્ર એક જ દિશામાં માત્ર એક જ ડગલું આગળ વધે તો પણ રાષ્ટ્ર એક સાથે ૧૪૦ કરોડ ડગલાં આગળ વધે.' તેમણે જ્ઞાન આધારિત શિક્ષણની હિમાયત કરતા ૨૦૪૭ના સુવર્ણ ભારતની સંકલ્પનાને સાકાર થતી જોવા તથા તેમાં સહભાગી થવા વિદ્યાર્થીઓને આવાહન કર્યું હતું.

આ મહત્વપૂર્ણ પ્રસંગે, પ્રતિષ્ઠિત મહેમાન શ્રી સીતારામ કાંડીએ યુવાનોને સંબોધતા કહ્યું કે 'દાદા બધા વિદ્યાર્થીઓ અને આપણા જેવા લોકો માટે એક મોટી પ્રેરણા છે.' તેમણે ઉમેર્યું કે 'સકારાત્મક આદતો તમારા જીવનમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે. જીવનમાં સતત વિદ્યાર્થી બનો અને શીખતા રહો, કોઈને પ્રગતિ કરવામાં મદદ કરતા રહો. તમારી આસપાસના નકારાત્મક વાતાવરણથી અલગ થવાનું અને સુકાર્યની શરૂઆત કરવાનું શીખો.

આ ભવ્ય દીક્ષાંત સમારોહમાં ૯૩૮ અનુસ્નાતક, ૧૩ અનુસ્નાતક ડિપ્લોમા, ૧૯૪૮ સ્નાતક, ૧૨૫૨ ડિપ્લોમાના દીક્ષાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી, એન્જિનિયરિંગ અને ટેકનોલોજીમાં વિશેષતા ધરાવતા ૨૨૯૮, ફાર્મસીમાં ૧૪૦, કમ્પ્યુટર એપ્લિકેશનમાં ૭૦૫, મેનેજમેન્ટ સ્ટડીઝમાં ૪૪૬, આર્કિટેક્ચર, ડિઝાઈન અને પ્લાનિંગમાં ૧૯, સામાજિક વિજ્ઞાનમાં ૬૬ અને વિજ્ઞાનમાં ૪૯૪ વિદ્યાર્થીઓને પદવી આપવામાં આવી હતી. આ વિશેષ સમારંભ દરમિયાન વિદ્યાર્થીઓ અને તેમના ગૌરવવંતા માતા-પિતા, મહેમાનો, ગણપત યુનિવર્સિટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, આદરણીય સભ્યો, ટ્રસ્ટીઓ અને પ્રતિષ્ઠિત પ્રોફેસરોની ઉમદા હાજરીમાં સંપન્ન થયો હતો.

ગણપત યુનિવર્સિટિના પ્રો વાઈસ ચાન્સેલર ડો. સૌરભ દવેએ ઉપસ્થિત મહેમાનો, યુનિવર્સિટી હોદ્દેદારો, પધારેલ વાલીગણ, વિદ્યાર્થીઓનો આ શુભ પ્રસંગ દિપાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

---

# અન્નદાન કરતાં પણ જ્ઞાનદાન શ્રેષ્ઠ છે તેથી કાયમની શાંતિ થાય છે. અન્નવિક્રય-જ્ઞાનવિક્રય થવા લાગ્યા ત્યારથી પવિત્રતા રહી નથી અને પાપ વધ્યું છે..



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



વાસી ઉત્તરાયણના આનંદ બાદ હવે વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારી ઓમાં લાગી જશે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જ્ઞાન માર્ગમાં પ્રાપ્તની પ્રાપ્તિ છે. જ્ઞાન માર્ગમાં જે મળેલું છે તેનો જ અનુભવ કરવાનો છે. ભક્તિમાર્ગમાં ભક્તિ દ્વારા ભેદનો વિનાશ કરવાનો છે. જ્ઞાનમાર્ગમાં જ્ઞાનથી ભેદનો નિષેધ કરવામાં આવે છે. બંનેનું લક્ષ્ય એક જ છે. પૂર્વજન્મના પુણ્યનો ઉદય થાય છે,ત્યારે આ પવિત્ર કથા સાંભળ વાનો યોગ થાય છે.

કળિયુગમાં જીવોને કાળરૂપ સર્પ ના મુખમાંથી છોડાવવા શુકદેવજી એ ભાગવતની કથા કહી છે. જ્યારે શુકદેવજી પરીક્ષિત રાજા ને આ કથા સંભળાવતા હતા. ત્યારે સ્વર્ગનું અમૃત લઈ દેવો ત્યાં આવેલા. દેવોએ કહ્યું કે, સ્વર્ગનું અમૃત અમે રાજાને આપીએ અને કથા અમૃત આપ અમને આપો. શુકદેવજીએ પરીક્ષિતને પૂછયું, તારે આ કથાનું અમૃત પીવું છે કે સ્વર્ગનું અમૃત પીવું છે? પરીક્ષિતે મહારાજને પૂછ્યું, મહારાજ સ્વર્ગનું અમૃત પીવાથી શું લાભ? શુકદેવજી કહે છે,સ્વર્ગનું અમૃત પીવાથી પુણ્ય નો ક્ષય થાય છે.પરંતુ પાપનો ક્ષય થતો નથી.પાપનો ક્ષય તો કથા મૃતના પાનથી જ થશે કથામૃતથી ભોગ વાસનાનો વિનાશ થાય છે. તેથી સ્વર્ગના અમૃત કરતાં આ કથામૃત શ્રેષ્ઠ છે

રાજાએ કહ્યું, ભગવાન,મારે સ્વર્ગ નું અમૃત પીવું નથી.મારે આ કથા મૃતનું જ પાન કરવું છે.સાત જ દિવસમાં જ્ઞાન-વૈરાગ્યને જાગૃત કરી ભક્તિરસ ઉત્પન્ન કરનારી આ કથા છે.આપણામાં જ્ઞાન અને વૈરાગ્ય તો છે, પણ સૂતેલાં છે તેને જાગૃત કરવાનાં છે. એવો બીજો કોઈ ગ્રંથ નથી જે સાત દિવસમાં મુક્તિ અપાવી શકે.

સૂતજીએ કહ્યું કે, સાત દિવસમાં પરીક્ષિતને જે કથાથી મુક્તિ મળી તે કથા હું તમને સંભળાવું છું. સાત દિવસમાં મુક્તિ મળી. વક્તા શુકદેવજી જેવો હોય અને શ્રોતા પરીક્ષિત જેવો હોય તો,સાત દિવસમાં મુક્તિ મળે છે. વક્તા શ્રોતા બંને અધિકારી હોવા જોઈએ. કરંટ અને ગોળો બંને સારા હોવા જોઈએ.કથાસાંભળી પરીક્ષિતને સદ્‌ગતિ મળી. તેઓ વિમાનમાં બેસીને પરમાત્મા ના ધામમાં ગયા છે. આજકાલ લોકો કથા બહુ સાંભળે છે, પરંતુ તેઓને લેવા માટે વિમાન કેમ આવતું નથી? વિમાન આવતું નથી કારણ કે વક્તા-શ્રોતા અધિકારી નથી. વિમાન આવે તો મનુષ્યની જવાની તૈયારી ક્યાં છે? મનુષ્ય પત્ની, પુત્ર, ધન વગેરેમાં ફસાયેલો છે. આ આસક્તિ છૂટે ત્યાં સુધી મુક્તિ નથી. જેનું મન પરમાત્માના રંગથી રંગાયેલું છે, તે જ્યાં બેઠો છે ત્યાં જ તેને મુક્તિ છે. ત્યાં જ તેનું વિમાન છે. તેને માટે વિમાન આવે તો પણ શું અને ન આવે તો પણશું?ઈશ્વર સાથે તન્મયતા થતાં જ આનંદ મળે છે તેથી વિશેષ આનંદ વૈકુંઠમાં નથી. તુકારામને લેવા વિમાન આવ્યું. તુકારામજી પત્નીને કહે છે કે ચાલ,તને વિમાન માં બેસાડીને પરમાત્માના ધામમાં લઈ જાઉં, પરંતુ પત્નીએ કહ્યું, તમારે જવું હોય તો જાવ, મારે આવવું નથી અને તે ગઈ નહીં.સંસારનો મોહ આવો છે. વાસના ઉપર અંકુશ ન આવે ત્યાં સુધી શાંતિ મળતી નથી કથાનો એકાદ સિદ્ધાંત પણ જો મગજમાં ઠસી જશે,તો જીવન મધુર બની જશે.

વાસના ક્ષીણ ન થાય, ત્યાં સુધી મુક્તિ મળતી નથી. પૂર્વજન્મનું શરીર ગયું, પણ મન ગયું નથી. લોકો તન અને કપડાંની કાળજી રાખે છે, પરંતુ મર્યા પછી પણ જે સાથે આવે છે તેની કાળજી રાખતા નથી, મર્યા પછી પણ મન સાથે આવવાનું છે. માટે તેની કાળજી રાખો. ધન, શરીર વગેરેની કાળજી રાખશો નહીં. મર્યા પછી આંગળીમાં વીંટી હશે, તો તે પણ લોકો કાઢી લેશે. આચાર, વિચાર વિના મનની શુદ્ધિ થતી નથી અને મનની શુદ્ધિ થાય નહીં ત્યાં લગી ભક્તિ થઈ શકતી નથી.

વિવેકથી સંસારનો અંત ન લાવો ત્યાં સુધી અંત આવવાનો નથી. જીવનમાં સંયમ, સદાચાર જ્યાં સુધી ન આવે, ત્યાં સુધી પુસ્તકમાં જ્ઞાન કાંઈ કામ લાગશે નહીં. ઘણા ઘણા ગ્રંથો વાંચવાથી બુદ્ધિમાં વિક્ષેપ થાય છે.

કેવળ જ્ઞાન શું કામનું?એકગૃહસ્થ નો પુત્ર મરણ પામ્યો.ગૃહસ્થરુદન કરે છે.તેને ત્યાં જ્ઞાની સાધુ આવે છે અને ઉપદેશ આપે છે કે, આત્મા અમર છે.મરણ તોશરીરનું થયું છે તો તમારે પુત્રના મરણનો શોક કરવો ઉચિત નથી.''

થોડા દિવસ પછી તે જ્ઞાની સાધુની બકરી મરી ગઈ. તેથી તે રડવા લાગ્યો. સાધુને રડતો જોઈ તે ગૃહસ્થે સાધુને કહ્યું કે, બાપુજી તમે તો મને ઉપદેશ આપતા હતા ને કે કોઈના મરણનો શોક કરવો નહીં અને તેમ કેમ રડો છો! ત્યારે સાધુએ કહ્યું કે, છોકરો તારો હતો. પણ બકરી મારી હતી તેથી રડું છું. આનું નામ પરોપદેશે પાંડિત્યમ!

કથા જીવનને સુધારે છે અને મુક્તિ આપે છે એ વાત સાચી છે. રોજ રોજ મૃત્યુને એક-બે વખત યાદ કરો,કદાચ આજે જ મને યમ દૂત લેવા આવે તો? એમ રોજ વિચારો તો પાપ થશે નહીં. મનુષ્યો રોજ ભોજનનો વિચાર કરે છે, પણ મૃત્યુનો વિચાર કરતો નથી.દુઃખની વાત છે.

આ ભાગવત કથાનું માહાત્મય એકવાર સનતકુમારોએ નારદજી ને કહી સંભળાવ્યું હતું. મહાત્મ્યમાં એવું લખ્યું છે કે, મોટા મોટા ઋષિઓ,દેવો,બ્રહ્મલોક છોડી વિશાલ ક્ષેત્રમાં કથા સાંભળવા આવ્યા છે, કારણ કે કથાનો આનંદ બ્રહ્માનંદ કરતાં પણ શ્રેષ્ઠ છે.યોગી એકલો તરે છે સત્સંગી પોતે તરે છે અને સંગમાં આવેલાં સર્વને તારે છે. બદરિકાશ્રમમાં સનતકુમારો પધાર્યા છે. જેથી લોકો તેને બદરિ કાશ્રમ કહે છે તે વિશાલા ક્ષેત્ર છે. બદરી વિશાલલાલ કી જય! સ્કંદ પુરાણમાં કથા છે કે બદ્રિનારાયણ વિશાલ રાજાને માટે પધાર્યા હતા! જેમ પુંડલિકને માટે વિઠ્ઠલનાથ આવ્યા હતા.જે ભક્તને માટે ભગવાન આવે તે ધન્ય! બદ્રિ નારાયણ તપ ધ્યાનનો આદર્શ જગતને બતાવે છે. તે બતાવે છે કે હું ઈશ્વર છું છતાં તપ ધ્યાનકરું છું જીવ એકદમ તપશ્ચર્યા કરી શકતો નથી.તેથી ભગવાન આદર્શ બતાવે છે.બાળક દવા લેતો નથી ત્યારે મા દવા ખાય છે.માને દવાની જરૂર નથી પણ બાળકને સમજાવવા દવા ખાય છે.

બદ્રિનારાયણના મંદિરમાંલક્ષ્મીજી ની મૂર્તિ મંદિરની બહાર છે.સ્ત્રી સંગ અને બાળકનો સંગ તપશ્ચર્યા માં વિઘ્નરૂપ છે.આમાં સ્ત્રીની નિંદા નથી,પણ કામની નિંદા છે.ઘરમાં સ્ત્રી-બાળકો વચ્ચે રહીને ભગવાન નું ભજન કરવાનું છે.તેવી જ રીતે તપસ્વિની સ્ત્રી માટે પુરુષનો સંગ ત્યજ્ય છે, પણ સામાન્ય સ્ત્રીએ ઘરમાં રહીને પ્રભુ ભજન કરવાનું છે.

એક દિવસ ફરતાં ફરતાં નારદજી વિશાલાપુરીમાં આવ્યા.ત્યાં સનકા દિઋષિઓ અને નારદજીનું મિલન થયું.નારદજીનું મુખઉદાસ! ચિંતા ન કરે એ જ વૈષ્ણવ. વૈષ્ણવ હંમેશાં પ્રસન્ન રહે છે. છતાં તમે પ્રસન્ન કેમ નથી? નારદજીએ કહ્યું : મારો દેશ સુખી છે. સત્ય, તપ, દયા, દાન રહ્યાં નથી. મનુષ્ય જીભે બોલે છે કાંઈ, મનમાં હોય છે કાંઈ અને કરે છે કાંઈ!બધા પેટભરા બની ગયા છે.

સમાજમાં કોઈને સુખ નથી, શાંતિ નથી.મેં અનેક જગ્યાએ ભ્રમણ કર્યું, પણ મને શાંતિ મળી નથી. આજે સૌ દુઃખી છે. જ્યાં સુધી ધર્મ અને ઈશ્વરને ન માને,ત્યાં સુધી દેશ સુખી થતો નથી. જેના જીવનમાં ધર્મને સ્થાન નથી, તેના જીવનમાં શાંતિ નથી.

જગતમાં હવે ધર્મ રહ્યો નથી. સત્ય રહ્યું નથી. એમ નારદજી દુઃખથી બોલ્યા છે. આ જગતમાં અસત્ય સમાન કોઈ પાપ નથી. અસત્ય બોલનારના પુણ્યનો ક્ષય થાય છે. ખરો આનંદ મળે તેવી ઈચ્છા હોય તો સત્યમાં ખૂબ નિષ્ઠા રાખવી, અસત્ય બોલનારો સુખી થતો નથી અને થવાનો નથી. તમે મિતભાષી થશો તો સત્ય ભાષી થશો.

જગતમાં ક્યાંય પવિત્રતા દેખાતી નથી. કપડાં અને શરીર ચોખ્ખાં રાખો છો તેવી રીતે મનને પવિત્ર રાખો. કારણ કે મન તો મર્યા પછી પણ સાથે આવવાનું છે.

જગતમાં કયાંય નીતિ દેખાતી નથી. નીતિ-અનીતિથી ખૂબ ભેગું કરવું છે અને કુમાર્ગે વાપરવું કે પૈસાથી કુટુંબને સુખી કરીશ. શરીર અને ઈન્દ્રિયોના સુખમાં એ એવો ફસાયો છે કે ખરો આનંદ ક્યાં છે અને કેમ મળે તેનો તે વિચાર કરતો નથી.

જીવનમાં જ્યાં સુધી કોઈ લક્ષ્ય થાય નહીં, ત્યાં સુધી પાપ અટકે નહીં, જે લક્ષ્યને લક્ષમાં રાખે તેનાથી પાપ થાય નહીં. પરંતુ મનુષ્યને લક્ષ્યની ખબર નથી ને કામ કરવાની જરૂર છે તેજ એ કરતો નથી.

જગતમાં પાપ બહુ વધી ગયું, તેથી ધરતી માતા અન્ન ગળી ગઈ છે. અન્નવિક્રય પણ એ પાપ છે, જ્ઞાન વિક્રય પણ પાપ છે, જ્ઞાનનો વિક્રય ન કરો. બ્રાહ્મણ નિષ્કામ ભાવથી જગતને જ્ઞાનનું દાન કરે. અન્નદાન કરતાં પણ જ્ઞાનદાન શ્રેષ્ઠ છે તેથી કાયમની શાંતિ થાય છે. અન્નવિક્રય-જ્ઞાનવિક્રય થવા લાગ્યા ત્યારથી પવિત્રતા રહી નથી અને પાપ વધ્યું છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, શીત લહેર વચ્ચે હવે વાતાવરણમાં કેવો અચાનક પલટો આવે છે તેના તરફ હવામાન વિભાગ અને આગાહી કર્તાઓની નજર છે ત્યારે બુધવારના વાંચન વિરામ બાદ આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આટલું જ અસ્તુ.

## અંતરિયાળ વિસ્તારમાં આદિવાસી સમાજે દેવ ચકલી ઉડાડી ઉતરાયણ પર્વ ઉજવ્યો

# સાબરકાંઠામાં આદિવાસી સમાજ દ્વારા ઢોલ નગારા સાથે દેવીને પકડી પૂજન અર્ચન બાદ આકાશમાં ઉડાડી વર્તારો જોવાય છે







(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૬

સાબરકાંઠા સહિત સમગ્ર ગુજરાત તેમજ ભારત વર્ષમાં ઉતરાયણ એટલે દોરી પતંગની ડીજેના તાલ થકી આનંદ અને ઉલ્લાસનો સંગમ જોકે આજે પણ આદિવાસી સમાજ માટે ઉત્તરાયણ નો દિવસે એટલે આગામી વર્ષ ના વર્તારો જોવાનો દિવસ આજના દિવસે દેવચકલી ને ઘી ગોળ તેમજ તલ ખવડાવી તેના આધારે આગામી વર્ષ કેવું રહેશે તે જોવાનું નક્કી કરાય છે ઉતરાયણના દિવસથી આગામી ઉત્તરાયણ સુધીનું વર્ષ કેવું રહેશે તે આજના દિવસે આદિવાસી સમાજ નક્કી કરતો હોય છે.

સાબરકાંઠાના ઈડરના આદિવાસી સમાજ દ્વારા ઉતરાયણ નિમિત્તે મોટી સંખ્યામાં લોકો એકઠા થાય છે તેમજ સવારે ગામના યુવાનો એકઠા થાય છે તેઓ દેવ ચકલી નામના પક્ષીને પકડીને તેને ઘી ગોળ તેમજ તલ ખવડાવે છે ત્યારબાદ તેને આકાશમાં મુક્ત કરે છે સાથોસાથ સમગ્ર સમાજના લોકો દેવ ચકલી ઉડે છે તેની પાછળ ચાલે છે તેમજ દેવ ચકલી કયા ઝાડ ઉપર બેસે છે તેના આધારે આગામી વર્ષ કેવું રહેશે તે નક્કી કરે છે જોકે આ પરંપરા હજારો વર્ષોથી ચાલી આવે છે તેમજ આજની તારીખે પણ યથાવત રહી છે આજના કળિયુગમાં પણ વડવાઓ થી ચાલી આવતી પરંપરા મુજબ આદિવાસી સમુદાય મકરસંક્રાંતિ પર્વના દિવસે દેવી નો પર્વ મનાવે છે મહત્વની બાબત એ છે કે નાના બાળકોથી લઈને મોટા વડીલો તેમજ મહિલાઓ પણ આ પર્વમાં ભાગીદાર બનતી હોય છે અને દેવી તરીકે ઓળખાતી દેવચકલીને પકડીને તેને પૂજા અર્ચન બાદ આકાશમાં ઉડાડવામાં આવે છે આજના કળિયુગમાં પણ વડવાઓની પરંપરા યથાવત જોઈએ છે આસપાસના એટલે સમાજના લોકો પણ આશ્ચર્યમાં મુકાતા હોય છે. સામાન્ય રીતે વર્ષોની ચાલી આવતી પરંપરા આજે પણ ટકી રહી છે દેવચકલી ને આજના દિવસે ધી ગોર ખવડાવી આકાશમાં મુક્ત કર્યા બાદ તે જો લીલા વૃક્ષ ઉપર બેસે તો આગામી વર્ષ સારું રહે છે સાથોસાથ ભારે વરસાદ સહિત દરેક વ્યક્તિ માટે ઉધ્વગામી બની રહી છે જોકે દેવચકલી સૂકા વૃક્ષ ઉપર બેસે તો આગામી વર્ષ દુષ્કાળનું વર્ષ ગણવામાં આવે છે તેમજ સમગ્ર વર્ષ દરમિયાન વરસાદ ઓછો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવે છે ત્યારે દેવચકલી થકી સમગ્ર વર્ષનો વર્તારો નક્કી કરવાનો પર્વ ઉતરાયણ બને છે જોકે મોટાભાગના શહેરોમાં લાખો કરોડો રૂપિયાના દોરી પતંગ અને વિવિધ વાજીત્રો થકી ઉતરાયણ નિમિત્તો આનંદ અને ઉલ્લાસનો તહેવાર બની રહે છે જ્યારે આદિવાસી સમાજ આજના દિવસ ને આગામી વર્ષ કેવું રહેશે તે નક્કી કરવા માટે નો પાયારૂપ દિવસ માને છે. જોકે આજના દિવસે દેવ ચકલી થકી આગામી વર્ષ કેવું રહેશે તે નક્કી કરવાનો પર્વ છે ત્યારે પરંપરાગત જ્ઞાન આગામી સમયમાં ટકી રહે તે પણ મહત્વનું બની રહે છે તેમજ અંતરિયાળ વિસ્તારમાં નાના થી લઈ વડીલો તેમજ મહિલાઓ ઉલ્લાસ સાથે દેવીને પકડી તેની પૂજા અર્ચન કરતાં હોઈ છે ત્યાર બાદ દેવી ને ઉડાડી દિવસ દરમીયાન વડવાઓથી ચાલી આવતી પરંપરા મુજબ તોથા સહિતનો પ્રસાદ ત્યાર કરતાં હોઈ છે અને ગ્રામજનો સાથે મળી દેવીનો પ્રસાદ લઈ અનોખી રીતે ઉત્તારાયણ પર્વની ઉજવણી કરતાં હોઈ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બનાસકાંઠા LCBની મોટી કામગીરી
### સિમેન્ટના ટ્રેલરમાંથી ૯૫ લાખનો વિદેશી દારૂ ઝડપાયો, એક આરોપી અટકાયત



(ગરવી તાકાત) પાલનપુર તા.૧૬


બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણા ની સૂચના મુજબ એલસીબી પોલીસે અમીરગઢ વિસ્તારમાં મોટી કામગીરી કરી છે. પોલીસને પેટ્રોલિંગ દરમિયાન કોરોના હોટલ પાસે બાતમી મળી હતી કે આબુરોડથી પાલનપુર તરફ જતા એક સિમેન્ટના ટ્રેલરમાં મોટા પ્રમાણમાં દારૂની હેરાફેરી થઈ રહી છે.

બાતમીના આધારે પોલીસે ઈન-૦૬-ય્૭-૯૩૦૩ નંબરના ટ્રેલરને રોકી તલાશી લેતા તેમાંથી ૧,૨૫૬ પેટી (કુલ ૨૧,૭૬૮ બોટલ) વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેની કિંમત રૂ. ૯૫.૨૭ લાખ છે. પોલીસે ટ્રેલર સહિત કુલ રૂ. ૧.૧૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસે ટ્રેલરના ચાલક સવાઈરામ જેરામ જાટ (રહે. પાવડોકા, તા. ધનાઉ, જિ. બાડમેર, રાજસ્થાન)ની ધરપકડ કરી છે. તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ સંગઠિત રીતે સિન્ડિકેટ બનાવી પંજાબ રાજ્યમાં નિર્મિત ભારતીય બનાવટનો વિદેશી દારૂ ગુજરાતમાં ઘુસાડવાનું કાવતરું રચ્યું હતું. દારૂનો જથ્થો ભરાવનાર અને મંગાવનાર અન્ય આરોપીઓની ધરપકડ માટે અમીરગઢ પોલીસ સ્ટેશનમાં કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

## વડા નગરની ભૂમિમાં શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનના જિનાલયનો શિલાન્યાસ

# પન્યાસશ્રી ધર્મ વિજયજી ગુરુ મંદિર ઉપરાંત ઉપાશ્રય અને ભોજન શાળાના ભૂમિ પૂજન ખાતમુહૂર્ત આનંદભેર સંપન્ન





(ગરવી તાકાત) કાંકરેજ તા.૧૬

કાંકરેજ તાલુકાના વડાનગરની ધન્ય ધરામાં શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનના જિનાલયનો શિલાન્યાસ તેમજ પૂજ્ય પન્યાસશ્રી ધર્મ વિજયજી ગુરુ મંદિર ઉપરાંત ઉપાશ્રય અને ભોજન શાળાના ભૂમિ પૂજન ખાતમુહૂર્તનો રૂડો અવસર ધામધૂમથી યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં જૈન ભાઈઓ બહેનોએ ધર્મમય માહોલમાં પ્રસંગને માણ્યો હતો.

પરમ પૂજ્ય સંઘ સૌભાગ્ય તિલક સર્વોચ્ચ સંયમ પર્યાય ડહેલા વાળા સમુદાયના આચાર્યશ્રી વિજય યશોભદ્ર સૂરીશ્વરજી મહારાજના મંગલ આશીર્વાદ અને પ્રેરણાથી પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય પિયુષભદ્ર સુરીશ્વરજી મસા, પરમ પૂજ્ય ગણી વર્ય શ્રી સત્વસુંદર વિજયજી મહારાજ સાહેબ આદિઠાણા તેમજ પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય ભક્તિ સૂરીશ્વરજી મહારાજાના સમુદાયના શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં પોષ વદ બીજ ના રોજ સવારે મંગલ પ્રભાતે પ્રસંગ ધામધૂમથી અને જીન શાસન દેવના જય જય કાર સાથે ઉજવાયો હતો. પન્યાસ શ્રી ધર્મવિજયજી ડહેલાવાળા જૈન વિહારધામ અંતર્ગત શ્રી શામળા પાર્શ્વનાથ જિનાલયના શિલાન્યાસમાં મુખ્ય શીલાનો લાભ જિજ્ઞાબેન શૈલેષકુમાર શાહ પરિવાર, પૂર્વ દિશાની શીલા યશવી શાહ પરિવાર, પશ્ચિમ દિશાની શીલા બાલચંદભાઈ લહેરચંદ શાહ પરિવાર, ઉત્તર દિશાની શીલા કિર્તીલાલ લહેરચંદભાઈ શાહ પરિવાર ,દક્ષિણ દિશાની શીલા વિનોદભાઈ લહેરચંદભાઈ શાહ પરિવાર, ઈશાન દિશાની શીલા શાહ જયંતીલાલ લહેરચંદભાઈ પરિવાર ,અગ્નિ દિશા ની શીલા ભીખાલાલ ભગવાનદાસ શાહ પરિવાર, નૈઋત્ય દિશાની શીલા વર્ષાબેન શૈલેષકુમાર શાહ પરિવાર, વાયવ્ય દિશાની શીલા નો લાભ હર્ષદભાઈ, અતુલભાઈ, દિનેશભાઈ, દિલીપભાઈ ,શૈલેષભાઈ અને વૈભવભાઈએ લીધો હતો. ગુરુ મંદિરનું ભૂમિ પૂજન અને ખાતમુર્હુત શાહ વિનોદભાઈ લહેરચંદભાઈ ઝાલમોરા પરિવાર દ્વારા કરાયું હતું. શ્રાવક ઉપાશ્રય નું ભૂમિ પૂજન ખાતમુર્હુત શાહ હર્ષદભાઈ જયંતીલાલ પરિવાર દ્વારા કરાયું હતું. શ્રાવિકા ઉપાશ્રય નું ભૂમિ પૂજન અને ખાતમુર્હુત નો લાભ શાહ ભીખાલાલ ભગવાનદાસ પરિવાર અને ભોજન શાળાના ભૂમિ પૂજન ખાતમુર્હુત શિલાન્યાસનો લાભ શાહ દિલીપભાઈ રસિકલાલ પરિવારે લીધો હતો.આ પ્રસંગે ભાવેશભાઈ શાહ અમદાવાદ દ્વારા વિધિ વિધાન સંપન્ન કરાયું હતું જ્યારે સંગીતકાર જીતુભાઈ નાયક પાટણ દ્વારા ભક્તિ સંગીતની રમઝટ જામી હતી.

### સાબરકાંઠા જિલ્લામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓના ભેગા થવા પર પ્રતિબંધ

સાબરકાંઠા જિલ્લામાં જુદા જુદા ઈનપુટ ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે સાબરકાંઠાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ક્રિષ્ણા વાઘેલા તેમને મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૩/૧/૨૦૨૫ના કલાક ૨૪-૦૦ સુધીના સમયગાળા દરમિયાન નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તથા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદારશ્રી અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજૂરી મેળવ્યા સિવાય ચાર કે વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.


**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ મહેસાણાની કોર્ટમાં**
**વણીકર કલબ પાસે, મ્યુનિસીપલ ગ્રાઉન્ડ સામે, મહેસાણા-૩૮૪૦૦૧**

નં.એ.ડી.એમ/વશી/૪૦૫/૨૦૨૪ તા.૧૮/૧૧/૨૦૨૪

**જાહેર નોટીસ**

અરજદાર : ચૌધરી સતીષભાઈ પ્રભુદાસ
રહે, દેલા તા.જિ. મહેસાણા
વિરૂદ્ધ
સામાવાળાઃ (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/તલાટી કમ મંત્રીશ્રી,
દેલા ગ્રામ પંચાયત, તા.જિ. મહેસાણા
(૨) આચાર્યશ્રી, શ્રી તક્ષશીલા ઉ.બુ. વિદ્યાલય કાતરા તા.હારીજ

જન્મ નોંધણી :-

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના નામે 'ચૌધરી સતીષભાઈ પ્રભુદાસ' નો જન્મ 'તા.૨૧/૧૨/૧૯૭૨' ના રોજ ગામ દેલા તા.જિ. મહેસાણા મુકામે થયેલ પરંતુ નિયમોની જાણના અભાવના કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ નોંધણી કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા વાંધા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૧૧/૨૦૨૪ના રોજ મારી સહિ તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

કોર્ટનો સિક્કો

સહિ/-
એકઝીક્યુટીવ મેજીસ્ટેટ
મહેસાણા (ગ્રામ્ય)


## બનાસકાંઠા જિલ્લા પોલીસની મોટી કામગીરી

# એક વર્ષમાં ૨૫ કરોડથી વધુનો દારૂ, ૧.૭૯ કરોડનો જુગાર અને રૂા.3.૨૧ કરોડના NDPS કેસનો મુદ્દામાલ જપ્ત કર્યો

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૬

બનાસકાંઠા જિલ્લા પોલીસે વર્ષ ૨૦૨૪માં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે મોટી કાર્યવાહી કરી છે. જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાના માર્ગદર્શન હેઠળ, પોલીસે પ્રોહિબિશન, જુગાર અને ડ્રગ્જીના કેસોમાં નોંધપાત્ર સફળતા મેળવી છે. વર્ષ દરમિયાન પોલીસે કુલ ૧૪,૪૨૫ પ્રોહિબિશનના કેસો નોંધ્યા, જેમાં રૂ. ૨૫ કરોડ ૩૪ લાખ ૩૫ હજારનો દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો. આ ઉપરાંત, જુગારની બદી સામે પણ કડક કાર્યવાહી કરતાં ૪૫૧ કેસો નોંધી રૂ. ૧ કરોડ ૭૯ લાખ ૯૯ હજાર ૮૮૮નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

નશીલા પદાર્થોના વેચાણ અને હેરફેર સામે પણ પોલીસે સખત



કાર્યવાહી કરી છે. ડ્રગ્જી એક્ટ હેઠળ ૨૫ કેસો નોંધવામાં આવ્યા, જેમાં રૂ. ૩ કરોડ ૨૧ લાખ ૩૫ હજાર ૪૬નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો. આમ, બનાસકાંઠા પોલીસે ગુનાખોરી સામે અસરકારક કામગીરી કરી, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

આ અંગે જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા પોલીસ દ્વારા ડ્રગ્ઝ વિકાસ સહાયના માર્ગદર્શન મુજબ અને ચિરાગ કોટડીયા સરના સૂચના અનુસાર બનાસકાંઠા જિલ્લા દ્વારા દારૂ, જુગાર અને ડ્રગ્જી માં ખુબ મોટી કાર્યવાહી કરવામાં આવી છે, આ પ્રવુતિ સદંતર રૂપે બંદ થઈ એના માટે બનાસકાંઠા પોલીસ દ્વારા ખુબ મોટા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જો ૨૦૨૪ ની વાત કરવા આવે બનાસકાંઠા પોલીસ દ્વારા પ્રોહીબીશન ના આશરે ૧૨ હાજર થી વધુ કેશો કરી ૨૫ કરોડ ૨૪ લાખ થી વધુ નો દારૂ માત્ર એક વર્ષમાં પકડવામાં આવ્યો છે. જેમાં ડ્રગ્જી માં ૩ કરોડ થી વધુના કેસો કરવામાં આવ્યા છે જુગાર માં ૧ કરોડ ૮૦ લાખ ઉપરાંત નો જુગારના કેસો કરવામાં આવ્યા છે.

### પરીક્ષા પે ચર્ચા ૨૦૨૫ના ગ્રુપ ડિસ્કશન સેશનમાં સાબરકાંઠાની પૂર્વા ગઢવીનું સિલેશન થયુ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સીધા માર્ગદર્શન હેઠળ શિક્ષણ મંત્રાલય ભારત સરકારનો શાળાકીય શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દર વર્ષે પરીક્ષા સંદર્ભે અનોખી પહેલ સમાન ઈન્ટરેકટીવ કાર્યક્રમ ''પરીક્ષા પે ચર્ચા''નું છેલ્લા સાત વર્ષોથી સફળ આયોજન કરવામાં આવે છે.આ કાર્યક્રમની આઠમી કડી ''પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫'' આગામી સમયમાં યોજાનાર છે.જેમાં સાબરકાંઠા જિલ્લાની ફેઈથ હાઈસ્કૂલ, હિમતનગર શાળાની ધોરણ-૧૧ની વિધાર્થીની પૂર્વા અમરદીપ ગઢવીની પસંદગી થઈ છે.

આ કાર્યક્રમ અંતર્ગત કુલ ૦૭ પ્રકારની થીમ પર ધોરણ-૦૯ થી ૧૨ ના ૫૦ વિધાર્થીઓ પ્રત્યક્ષ રીતે પેનલ ડિસ્કશન સેશનમાં ભાગ લે છે અને આ વિધાર્થીઓની પસંદગી રાજ્યને ફાળવવામાં આવેલ ક્વોટા મુજબ કરવામાં આવે છે. આ સંપૂર્ણ ચર્ચા તમામ પ્રકારના ડીજીટલ પ્લેટફોર્મ પર ભારતની અંદર અને વિદેશોમાં આપણા દુતાવાસો દ્વારા સમગ્ર વિશ્વમાં પ્રસારિત કરવામાં આવે છે.


**વેચવાની છે**

**ઇન્ડસઇન્ડ બેંક દ્વારા નીચે જણાવેલ કબજો લીધેલ થ્રી વ્હીલર વેચવાના છે**

| | |
|---|---|
| GJ02AU3831 | GJ08AU9721 |
| GJ08AX1300 | GJ08AV6840 |
| GJ08AX1386 | GJ08AV7380 |
| GJ02AU4429 | GJ24W7251 |
| GJ24W9734 | GJ08AV9880 |
| GJ02YY9876 | GJ08AX0851 |
| GJ02AU0467 | GJ02YY8737 |
| GJ02AU1152 | GJ02AU0669 |
| GJ08AV5746 | GJ02AU2046 |
| GJ08AV6492 | GJ08AV0170 |
| GJ08AU9716 | GJ24W8782 |
| GJ02AU2717 | |

**સંપર્ક : પ્રવિણસિંહ ચૌહાણ**
**7358134749**


### થરામાં નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા સતત બીજા દિવસે પણ ડીમોલેશનની કામગીરી હાથ ધરાઈ



(ગરવી તાકાત) કાંકરેજ તા.૧૬

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા ખાતે છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિક સમસ્યાઓ અંગે કાંકરેજ તાલુકા સંકલન સમિતિ ની મીટિંગ માં વારંવાર પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી નેશનલ હાઈવે ૨૭ ના હાઈવે ઓથોરિટી દ્વારા થરા નગરપાલીકા તેમજ થરા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી ત્યારે હવે ફૂટપાથ ઉપર તેમજ લારી ગલ્લા અને સર્વિસ રોડ ઉપર આવેલી દુકાનો દ્વારા કરવામાં આવેલા બાંધકામો તોડી પાડવા માટે કડક હાથે કાર્યવાહી હાથ ધરાઈ હતી જેમાં સતત બીજા દિવસે પણ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા થરા ખાતે દબાણો દૂર કરવા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે નાનામોટા વેપારીઓના લારી ગલ્લા ક્રેન અને જેસીબી મશીનથી ઉઠાવી લેવામાં આવી રહ્યા છે ત્યારે અમુક વહેપારી સાથે થોડી બોલાચાસલી પણ થઈ હતી એટલે કે ચકમક જરી હતી આ કામગીરીને જોવા માટે લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા ત્યારે હવે તંત્રની કામગીરી બદલ લોકો આક્રોસ જોવા મળી રહ્યો છે જોકે હવે થરા ખાતે ટ્રાફિક ની સમસ્યાઓ દૂર થઈ જશે અને નાનામોટા વાહન ચાલકો મુસાફરોને હાલાકી ભોગવવી પડશે નહિ એવા ઉમદા પ્રયત્નો નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા કરવામાં આવી રહ્યા છે ત્યારે થરા નગરપાલીકા ના ચીફ ઓફિસર બી.એમ. જોષી સાથે વાત કરતાં જણાવ્યું હતું કે હાલમાં તો નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા દબાણ હટાવવા માટે કામગીરી હાથ ધરાઈ છે અને હવે જરૂર પડે તો થરા નગરપાલીકા દ્વારા દબાણ બાબતે ચર્ચા વિચારણા કરી ને યોગ્ય રીતે તૈયારીઓ કરી ને જો દબાણ હશે તો ચોક્ક્સ પણે દબાણો દૂર કરવામાં આવશે જોકે હાલમાં તો નેશનલ હાઈવે નંબર ૨૭ ના નેશનલ હાઈવે ઓથોરિટી ના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા જેતે મેઈન બજાર માં દબાણો દૂર કરવાની કામગીરી કરી રહ્યા છે તેનું વિડિયોગ્રાફી કરી ને તંત્ર દ્વારા કઈ રીતે આયોજન કરશે એતો સમય અને થરા ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણો હટાવવા ની કામગીરી યથાવત રહી છે.

### ઉતરાયણ પછી છઠીયારડા શાળાની પહેલ:પક્ષીઓને બચાવવા માટે વિદ્યાર્થીઓએ દોરીના ગુંચળા એકત્ર કરી નાશ કર્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

ઉતરાયણ પર્વ પછી પક્ષીઓની સુરક્ષા માટે છઠીયારડા પ્રાથમિક કુમાર શાળાએ એક અનોખી પહેલ કરી છે. શાળાના વિદ્યાર્થીઓએ જીવદયાના ભાગરૂપે પક્ષીઓને બચાવવા માટે દોરીના ગુંચળા એકત્ર કરવાનું બીડું ઝડપ્યું



હતું. વિદ્યાર્થીઓએ રસ્તાઓ, ધાબા અને જાહેર સ્થળો પરથી પતંગની દોરીના ગુંચળા એકત્ર કર્યા હતા. આ અભિયાનમાં ધોરણ ૬ના વિદ્યાર્થી વેદ અલ્પેશભાઈ સથવારાએ સૌથી વધુ દોરીના ગુંચળા એકત્ર કરી સહુને પ્રેરણા આપી હતી. શાળાના આચાર્ય જયપ્રકાશ સથવારા અને સ્ટાફે આ પક્ષી પ્રેમી વિદ્યાર્થીઓની કામગીરીને બિરદાવી હતી. અંતે, એકત્ર કરાયેલા તમામ દોરીના ગુંચળાઓનો સળગાવીને નાશ કરવામાં આવ્યો હતો. આ પહેલથી વિદ્યાર્થીઓમાં પક્ષીઓ પ્રત્યે સંવેદનશીલતા કેળવવાનો અને પર્યાવરણ જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો છે.

Volume : 10 Issue : 286 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002